# પ્રાંતિજ એપ્રોચ રોડ વિસ્તારની સોસાયટીઓમાં પાણીના વલખા

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ ખાતે છેલ્લા કેટલાય દિવસોથી એપ્રોચ રોડ ઉપર આવેલ સોસાયટીઓમાં નગરપાલિકા પાપે છતાં પાણી અનિયમિત કે આંતરા દિવસે મળતા સોસાયટીના રહિશોની હાલત કફોડી બની છે. જ્યારે દર વર્ષે પાલિકામાં નિયમિત વધારે વેરો અને પ્રથમ વેરો ભરનાર રહિશોની હાલત પાણી વગર જન જીવનમાં ફિકાસ આવી છે.

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ એપ્રોચ રોડ ઉપર આવેલા યોગેશ્વર સોસાયટી, આશીર્વાદ સોસાયટી, હરિઓમ પાર્ક વગેરે સોસાયટીઓમાં છેલ્લા કેટલાય દિવસોથી નગરપાલિકા દ્વારા આ વિસ્તારના રહિશો જોડે ઓરમાયું વર્તન રાખતા હોય તેમ છેલ્લા દોઢ એક મહિનાથી પાણી માટે રજુઆતો કરવા છતાં પાલિકા દ્વારા ખાલી લોલીપોપ આપવામાં આવે છે અને બે દિવસમાં પાણીની સગવડ થઈ જશે અને દરેક સોસાયટીઓમાં રહીશોના ઘરે ત્રીજા માળ સુધી પાણી પહોંચી જશે ત્યારે સોસાયટીના રહિશોનું કહેવું છે કે ત્રીજા માળે તો શું નીચે હોજમાં પણ આવે તો શારૂ અને છેલ્લા દોઢ મહિનાથી પાણી બરાબર આવતુ નથી અને પાલિકા દ્વારા દોડ મહિનાથી આજે આવે કાલે આવેની માત્ર પાણીની લોલીપોપ બતાવે છે. પણ હજુ સુધી સોસાયટીઓમાં નિયમિત પાણી કે સોસાયટીઓમાં રહિશોએ બનાવેલ હોજોમાં પણ દદુરી જેટલુ પાણી ન આવતા હોજ પણ પુરા ભરાતા નથી. ત્યારે પાલિકાની પાણીની બે-ત્રણ લાઈનો હોવા છતાં પાલિકાના આયોજન વગર હાલ તો પાણી આ વિસ્તારમાં મળતુ નથી. ત્યારે નગરપાલિકામાં સૌથી વધારે વેરો અને સૌથી પહેલા આ વિસ્તારના લોકો વેરો ભરી દે છે છતાં આ વિસ્તારના રહિશો જોડે જાણે છેલ્લા દોડ મહિનાથી પાલિકા દ્વારા ઓરમાયું વર્તન દાખવતી હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે અને આજે આવશે કાલે આવશેની ખાલી પાણીની લોલીપોપ આપી રહિશોને ઠંડા રાખે છે.



## ધાનેરામાં ચોરી કરીને ભાગતો ઈસમ ઝડપાયો : લોકોએ કરી ધુલાઈ

બનાસકાંઠા જિલ્લામાં એક ચોર મોબાઈ ની ચોરી કરી ભાગતા ઝડપાઈ ગાયો હતો લોકોએ પકડી તેની બરાબર ધુલાઈ કરી હતી બનાસકાંઠા જિલ્લો એ સરહદી જિલ્લો છે અને સરહદી વિસ્તાર માં ચોરી અને લૂંટ ના ગુનાઓ માં દિન પ્રતિદિન વધારો થતો જોવા મળી રહ્યો છે ત્યારે આજે ધોળા દિવસે ધાનેરા ની તુલસી નાગર સોસાયટી માં એક ચોર મોબાઈ ની ચોરી કરી ભાગી રહ્યો હતો તે સમયે લોકોએ તેનો પીછો કરી ઝડપી પડ્યો હતો અને યુવક ની ધુલાઈ પણ કરી હતી આ યુવક ને પુછાતા તે ને જણાવ્યું હતું કે કે તે ભાભર તાલુકા ના મેરા ગામનો કાળુજી ઠાકોર છે પોલીસ ઘટના સ્થળે આવે તે પહેલા આ યુવક લોકોને ચકમો આપી નાશી ગયો હતો.

# અણીયોર નજીક લોડીંગ રીક્ષાની ટક્કરે બાઈકસવાર યુવાનનું કરૂણ મોત

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણીયોર ગામ નજીક અણીયોર-ઉભરાણ રોડ પરથી પસાર થતા અને બાયડ તાલુકાના ગાબટ ગામે રહી દુધાળા પશુઓની લે-વેચ કરતા યુવાનની બાઈકને સોમવારે સાંજના સુમારે લોડીંગ રીક્ષાના ચાલકે બાઈકને ટક્કર મારતા બાઈકચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસે અકસ્માત સર્જી ફરાર લોડીંગ રીક્ષા ચાલકની ધરપકડ કરવા કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

બાયડ તાલુકાના ગાબટ ગામે રહેતા અને ભેંસો-ગાયોની લે-વેચના ધંધા સાથે સંકળાયેલા સંજયભાઈ હેમરાજભાઈ લુહાર (મૂળ રહે. સંદેસરી ચોકડી, વડોદરા)ની સોમવારે સાંજના બાઈકને અકસ્માત નડતા ગમખ્વાર અકસ્માત સર્જાતા યુવાનનું મોત નિપજ્યું હતું. મૃતક યુવાન ગાબટ ગામેથી સોમવારે બપોરના સમયે દુધાળા પશુઓના લે-વેચના રૂપિયાની ઉઘરાણી કરવા માલપુર તાલુકાના પહાડીયા ગામે જઈ પરત ગાબટ ગામે બાઈક લઈ (ગાડી નં. જીજે૯એન.૪૩૦) જઈ રહ્યો હતો ત્યારે સામેથી કાળમુખી રૂપી લોડીંગ રીક્ષા (ગાડી નં. જીજે૩એક્ષ. ૦૦૨૩)ના રીક્ષાચાલકે પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા બાઈક ચાલક અને લોડીંગ રીક્ષા રોડ પર પલટી ગઈ હતી. અકસ્માતમાં બાઈકચાલક યુવાન રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. લુહાર પરિવારના યુવાનનું અકસ્માતમાં મોત નિપજવાની જાણ તેના



પરિવારજનોને થતા તેમજ તેના મુળ વતન થતા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. મૃતક યુવાનને ૩ પુત્રીઓ અને પત્ની અકસ્માતની ઘટનાના પગલે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. અકસ્માતના પગલે દોડી આવેલી નાલપુર પોલીસે નરેશભાઈ ભુપતભાઈ લુહાર (રહે. રાયકા ચોકડી, વડોદરા)ની ફરિયાદના આધારે લોડીંગ રીક્ષાચાલક વિરૂદ્ધ અકસ્માતે મોત નિપજવાનો ગુન્હો નોંધી રીક્ષાચાલકને ઝડપી લેવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લી-સાબરકાંઠામાં ગુરૂપૂર્ણિમાની શ્રદ્ધાભેર ઉજવણી

## ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂઓના આશીર્વાદ પ્રાપ્ત કરવા ભક્તજનોનો ધસારો

મોડાસા, તા. ૧૯

અરવલ્લી-સાબરકાંઠા



જિલ્લામાં મંગળવારે અષાઢી પૂનમે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શિષ્યના અજ્ઞાનનો નાશ કરનાર શિક્ષાગરૂ, આધ્યાત્મિક ગુરૂ અને દાર્શનિક વેદાન્ત ગુરૂના મહિમાવંતા ગુરૂપૂર્ણિમાના પર્વના દિવસે શિષ્યો અને ભક્તજનોએ ગુરૂઓના આશીર્વાદ મેળવવા વિવિધ ગુરૂ આશ્રમો, નિવાસસ્થાનો અને મંદિરોમાં ભારે ધસારો રહ્યો હતો.

અષાઢ સૂદ પુનમનું પર્વ ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવાય છે. અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશમાં લાવનાર ગુરૂ પ્રત્યે ઋણ અદા કરવાના આ પર્વે શિષ્યો ગુરૂપૂજન કરી ધન્યતા અનુભવી હતી. અરવલ્લી જિલ્લાના મોડાસાના દેવરાજ ધામે ધનગીરી મહારાજના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. દેવરાજધામમાં વહેલી સવારથીજ ભક્તોની ભારે ભીડ જામી હતી. દેવરાજ ધામ દ્વારા ગુરૂના આશીર્વાદ મેળવવા આવનાર ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સરડોઈના ગુરૂદત્ત આશ્રમમાં સંત વિશ્વબંધુ જયશંકર મહારાજની નિશ્રામાં ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા તાલુકાના વડેશ્વર મહાદેવ ભાટકોટા મંદિરે ગુરૂ પૂજન કરવામાં આવ્યું હતું. ગુરૂપૂજન સમયે મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટ્યા હતા. તદઉપરાંત કૃષ્ણાશ્રમ, બોલુન્દ્રા, શાલમપુર ખાતેના મોહનરામજી બાવજીના તારાઆશ્રમ બાયલ ઢાંખરોલના પંચદેવ મંદિર, ઈટાડી અંબાજી મંદિર, ગાયત્રી આશ્રમ સરડોઈ ખાતે મંગળવારે ભાવિભક્તોએ ગુરૂપૂર્ણિમા પર્વે શ્રદ્ધા ઉમંગભેર ઉજવણી કરી હતી.

શામળીયા ભક્તમંડળના ઉપક્રમે દર વર્ષની જેમ મંગળવારે પણ સનાતન ધર્મો આચાર્ય લાલજી મહારાજના પાવન સાનિધ્યે નવા વક્તાપુર ગામની પાવનધારા ઉપર ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા વક્તાપુર આશ્રમે વર્ષોથી પરંપરા મુજબ ભક્તમંડળ દ્વારા ઉજવાયેલા ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં તાલુકા-જિલ્લા અને જિલ્લા બહારથી પણ મોટો શ્રધ્ધાળુ સમુદાય, મુમુક્ષુઓ, ભક્તો આ પાવન અવસરે ગુરૂવંદનાને ગુરૂદર્શને ઉમટી પડ્યા હતા.



# વડનગરના હાટકેશ્વર દાદાની દુર્દશા

## ચાંદીના થાળને બદલે રાજભોગ ટીફિનમાં ખાવા વારો આવ્યો : ટ્રસ્ટના ખાડે ગયેલા અંધેર વહીવટના જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ

વડનગર, તા. ૧૯

હિન્દુઓના દેવાધિદેવ એટલે મહાદેવ અને તેનું પાતાળમાં વસતું લીંગ એટલે હાટકેશ્વર. આ પાતાળના બ્રહ્માજી સ્થાપિત સોનાનું શિવલીંગ ઉપર જ પૃથ્વીમાં વડનગર ખાતે આવેલ હાટકેશ્વર મહાદેવ.

હાટકેશ્વર દાદામાં શ્રદ્ધાવંત એવા તમામ ઉપાસકો દ્વારા વર્ષની ૩૬૦ તિથિઓની પ્રત્યેક તિથિ એટલે કે દરરોજ વીસેક જેટલાં રાજભોગના થાળ થઈ શકે તે માટે 'હાટકેશ્વર સંસ્થાન ટ્રસ્ટ, વડનગર'ના ખાસ રાજભોગ માટે જ સાંઈઠેક લાખ રૂપિયા પોસ્ટ ઓફિસ બેંકોમાં ડિપોઝીટ તરીકે જમા પડ્યા છે. છતાંય આમ કેમ ? સંસ્થાના બંધારણ મુજબ કુલ નવ જેટલાં કાર્યવાહક સમિતિના સભ્યો હોવા જોઈએ. પરંતુ ૧૯૯૭ બાદ ગુજરી ગયેલ સભ્યોનાં નામ ચાલુ છે તેથી ગેરકાયદેસર રીતે ત્રણ જ ટ્રસ્ટીઓના નામ ચાલુ છે. જેમાં એક વકીલ વયસ્ક ટ્રસ્ટી શારિરીક રીતે અશક્ત છે. બીજા ગોવા રહે છે. અને પોતાની જાતને સેક્રેટરી તરીકે ગણાવતા અમેરીકા છે. અને કાયદેસર રીતે બીનજવાબદાર વ્યક્તિ જે ટ્રસ્ટી જ નથી તેવી વ્યક્તિ પોતાની મન માની રીતે કાર્યાન્વિત મહેસાણા રહીને થાય છે. તેથી હાટકેશ્વર દાદાને ટીફિનમાં ભોજન જમવાનો વારો આવેલ છે. બીજા કોઈ ધર્મમાં આવું બને તો શુ આવું ચાલી શકે ? કેવા પ્રત્યાઘાત હોય ? આ અખબાર જોગ નિવેદન સાથે વોટસેપ વાયરલ થયેલી તસવીર સામેલ છે. જેમાં તે દશ્યમાન થાય છે. હિન્દુઓના આરાધ્ય દેવ હાટકેશ્વર મહાદેવ તો વિષધર નિલકંઠ છે. તેથી ક્ષમ્ય આ બાબતને ક્ષમ્ય ગણશે. પરંતુ જગતભરના કરોડો હિન્દુઓના મહાદેવના અપમાનથી સમસ્ત હિન્દુ સમાજની લાગણી ધવાઈ છે. અને તમામ ઉપાસકોને ખુબજ વેદનાસભર તીવ્રતા દર્શાવતો આંચકો લાગેલ છે.

આ સંજોગો નાગર બ્રાહ્મણના, નાગર વણિકોના ઈષ્ટદેવ હોવાથી તેમજ વડનગરમાં વસતા કે બહાર વસતા નાગરિકોના આરાધ્ય દેવ હોવાથી આ અખબાર જોગ નિવેદનમાં સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ, રાજ્યકક્ષા દ્વારા જણાવાય છે કે આ ટ્રસ્ટના ખાડે ગયેલ અંધેર વહીવટના જવાબદારો સામે સરકાર જરૂરી તાત્કાલિક પગલાં લો. અમારે અનિવાર્ય સંજોગોમાં યોગ્ય સરકારી વહીવટકર્તા સામે ગાંધી ચીંધ્યા માર્ગે આશ્ચર્યજનક કાર્યક્રમો આપી વિરોધ વ્યક્ત કરવો પડશે, તેમ ચેરમેન અરૂણ બુચ (ગાંધીનગર), નરેશ રાજા, પ્રમુખ અમદાવાદ, સુભાષ ભટ્ટ, ઉપપ્રમુખ-ગાંધીનગર, રાજીવ વચ્છરાજાની, ઉપપ્રમુખ-રાજકોટ તથા મહામંત્રી ધર્મેશ દેસાઈ-વિસનગર જણાવે છે.



## મોડાસામાં સરપંચ સંમેલન યોજાયું

મોડાસા ટાઉન હોલ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઉપક્રમે મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે ત્રણ તાલુકાના સરપંચોનું સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સરપંચોના સંમેલનમાં ગ્રામ કક્ષાએ ગ્રામજનોને નવી યોજનાઓની માહિતી પુરી પાડવામાં આવી હતી અને ગુજરાત સરકારની યોજનાઓ જેવી મિશન મંગલમ, પ્રધાનમંત્રી આવાસ યોજના, (ગ્રામીણ) સ્વચ્છ ભારત મિશન, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ સંમેલનમાં ત્રણેય તાલુકાના સરપંચો, તલાટીઓ, તાલુકા પ્રમુખો, આંગણવાડી વર્કર તેમજ આશા વર્કર પણ આ યોજનાની માહિતીનો લાભ લીધો હતો. સરપંચોના સંમેલનમાં કલેક્ટરે જિલ્લા ગ્રામ વિકાસની વિસ્તૃત માહિતી આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ પણ આ યોજનાનો ગ્રામ્ય સ્તર સુધી લોકોને પહોંચે તેવી વિસ્તૃત માહિતી સરપંચો તેમજ તલાટીઓ તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા માહિતી મેળવી શકાશે.

## ભાયલા ગામે આવાસ યોજનાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ગાંધીનગર દ્વારા ભાયલા તા. બાવળા, જી. અમદાવાદ ખાતે ઈડબલ્યુએસ પ્રકારની યોજના હાથ ધરવામાં આવેલ છે. સર્વે નં. ૨૨૫ પૈકીની જમીન ઉપર આ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫૧ આવાસો પૈકી ૧૪ આવાસોની વહિવટી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. હવે બાકીના ૩૭ આવાસો માટે દરેકની રૂ. ૩.૫૦ લાખની અંદાજીત કિંમતના રૂ. ૩ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા લોકો તેનો લાભ લઈ શકશે. જે અંગેના ફોર્મ કોટક મહેન્દ્ર એન્ડ, ગ્રાઉન્ડ ફ્લોર, ૧૧૧-સિલ્વર પેલેસ, નવા બજાર, બાવળા ખાતેથી મેળવી શકાશે. ત્યાર બાદ ફોર્મમાં સંપૂર્ણ વિગત અને જરૂરી આધાર સાથે ભરેલા ફોર્મ રૂ. ૧૦ હજારની ડીપોઝીટની રકમ સાથે બેન્કની ઉક્ત શાખાએ પરત જમા કરી શકાશે. ફોર્મ વિતરણ-પરત રજુ કરવાની છેલ્લી તા. ૨૨-૭-૨૦૧૬ સુધી રાખેલ છે જેનો લાભ લેવા બોર્ડના સચિવ તરફથી જણાવવામાં આવે છે.

## દધાલિયાની બાળાએ ઊંચી કૂદમાં રાષ્ટ્રીયકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દધાલિયા નજીક ઉમેદવુર ગામની બાળાએ રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ ઊંચીકૂદ ખેલમાં ભાગ લઈને ગોલ્ડમેડલ જીતી ગઈ છે અને તેણીએ સમગ્ર અરવલ્લી અને ગુજરાતનું



ગૌરવ વધાર્યુ છે. મોડાસાના ઉમેદપુર-દધાલિયાની શીતલ હરેશભાઈ ચૌધરીએ મહારાષ્ટ્રના નાસિકમાં યોજાયેલ રાષ્ટ્રીયકક્ષાની ઊંચી દોરડા કૂદમાં ભાગ લીધો હતો. તેણીના શ્રેષ્ઠ દેખાવને ધ્યાને લઈ તેણીની ઉપર ગોલ્ડ મેડલ માટે પસંદગી ઉતારી હતી.



પ્રાંતિજ તાલુકાના મજરા-તલોદ રોડ ઉપર આવેલ પુનાદરા નજીક નકળંગ આશ્રમમાં મંગળવારે ગુરૂ પૂર્ણિમાની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ અને તાલુકા સહિત જિલ્લામાંથી લોકો ગુરૂના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. પ્રાંતિજના પુનાદરા પાસે આવેલ નકળંગ આશ્રમ ખાતે સવારથી જ પૂજ્ય ગુરૂ નંદલાલ બાપુના દર્શન કરવા માટે પ્રાંતિજ તાલુકા સહિત સાબરકાંઠા જિલ્લામાંથી લોકો આશ્રમ ખાતે આવી પહોંચ્યા હતા અને દર્શન માટે લાંબી લાઈનોમાં પણ ઉભા રહીને દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે આ પ્રસંગે પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણે પણ ગુરૂને શાલ ઓઢાડી તેમના આશીર્વાદ લીધા હતા. જ્યારે પ્રાંતિજ તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ પણ ગુરૂના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લઈ ધન્યતા અનુભવી હતી. જ્યારે આશ્રમ ખાતે રાજકિય આગેવાન નેતાઓ સહિત જિલ્લામાંથી દસ હજારથી પણ વધારે લોકો ઉમટી પડ્યા હતા.

## પ્રાંતિજ ટોલનાકા પાસે પશુ ભરેલ આઈશર પકડાઈ

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે સવારના ૮.૧૦ કલાકે પોલીસ રાઉન્ડ દરમ્યાન ૩૫ પશુઓ ભરેલી આઈશર પોલીસને જોઈ જતાં સ્થળ ઉપર જ આઈશર મુકીને ભાગી જતા પોલીસે આઈશરમાં તપાસ કરતાં બિનઅધિકૃત ભરેલા પશુ મળી આવતા પોલીસે આઈશરનો કબજો લઈ અજાણ્યા ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કતપુર ટોલનાકા પાસે સવારના સમયે પોલીસ રાઉન્ડ દરમ્યાન પોલીસને આવતા જોઈ જતાં આઈશર ચાલક આઈશર નંબર જીજે૧એવાય.૮૪૯૧ મુકીને ભાગી જતાં પોલીસને વહેમ જતાં આઈશરમાં તપાસ કરતા આઈશરમાં બિનઅધિકૃત રીતે પરમીટનો ભંગ કરી રેતી પાણી ઘાસચારાની સગવડ કર્યા વગર દોરડાથી બાંધેલા હાલતમાં પશુઓ જેમાં પાડા નંગ-૨૩, પાડી નંગ-૧૨ મળીને કુલ-૩૫ જેમાં એક નંગની કિંમત ૨૫૦૦ લેખે કુલ પશુનંગ-૩૫ની કિંમત ૮૭૫૦૦ આઈશરની કિંમત રૂ. ૫ લાખ મળીને કુલ પાંચ લાખ સિતિયાસી હજાર પાનસો મુદ્દામાલ વહન કરી લઈ જતા પોલીસને જોઈ આશર ચાલક ટ્રક મુકીને નાસી જતા પોલીસે અજાણ્યા આઈશર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ભિલોડાના ઝીંઝુડી ગામની શાળામાં ચોરી

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકની પ્રાથમીક શાળાઓમાં તાજેતરમાં વીજ ઉપકરણો ચોરાયા હતા. જ્યારે ઝીંઝુડી ગામમાં આવેલ આદિવાસી માધ્યમીક હાઈસ્કુલના સ્ટાફ રૂમનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી અંદર રાખેલ વિજ્ઞાન પેટી તેમજ પ્રિન્સિપાલના ઓફીસની પાછળના ભાગની બારીનું ગ્રીલ તોડી કોઈ ચોર-ઈસમો અંદર પ્રવેશ કરી વેસ્ટર્ન ટીવી, પ્રિન્ટર, એમ્પીફાયર તેમજ મોનીટર મળી કુલ રૂા. ૧૩,૦૦૦/-ની ચોરી કરાયાનું કાલીદાસ લીંબાજી મનાત, રહે. ભિલોડા પટેલ સોસાયટીએ જાણ કરતાં ભિલોડા પોલીસએ આ બાબતે તપાસ આરંભી છે.